# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૨૪-૧૧-૨૦૦૯**

ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રીઓની એક બેઠક આજરોજ તા.૨૪.૧૧.૨૦૦૯ના રોજ વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં મળી હતી.જેમાં નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતાં.

**ઠરાવ નં.૧**

ચાલુ સત્રમાં પ્રશ્નોતરી ન રાખીને ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવાનું ઠરાવવામાં આવ્યું છે જે માનનીય ધારાસભ્યશ્રીઓને મળતા વિશેષાધિકારના ભંગ સમાન છે.આથી પ્રશ્નોતરીકાળ દાખલ કરવા માટે ઠરાવ કરવામાં આવે છે. તારાંકિત પ્રશ્નોતરી બાદ શૂન્યકાળ, ટૂંકી મુદતના પ્રશ્નો, તથા ૧૧૬ની નોટિસનો સમય સભ્યશ્રીઓને વિશેષાધિકાર તરીકે વધારાનો સમય મળતોજ હોય છે. ટૂંકી મુદતના પ્રશ્નો પૂછવા દઈશું તેમ કહીને તારાંકિત પ્રશ્નોને પૂછવા નહિં દેવા તે વિધાનસભાના નિયમો અને પ્રણાલિકાઓનો સદંતર ભંગ છે.

**ઠરાવ નં.૨**

ગત બજેટ સત્ર દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રી સામે હોદ્દા પરથી દૂર કરવાનો પ્રસ્તાવ લાવ્યા હતાં તેને બંધારણીય જોગવાઈથી વિરુધ્ધ રદ કરવાનો નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીએ કરતાં કોંગ્રેસપક્ષ તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં પીટીશન દાખલ કરવામાં આવી હતી.નામદાર સુપ્રિમ કોર્ટને સીધેસીધો અન્યાય અને બિન લોકશાહી પગલુ ભરાયું છે તેથી નામદાર કોર્ટે માનનીય અધ્યક્ષશ્રી સામે નોટિસ ઈસ્યુ થઇ હતી. કોંગ્રેસપક્ષ તરફથી દાખલ થયેલી પીટીશનમાં સીનીયર કાઉન્સીલ શ્રી ડો.અભિષેક મનુ સીંઘવી, સીનીયર કાઉન્સીલશ્રી હરીન રાવલ, સીનીયર કાઉન્સીલશ્રી હુઝેફા અહેમદી તથા સીનીયર કાઉન્સીલશ્રી અભિજીત મેઢ દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં સચોટ દલીલો કરી હતી. વિધાનસભા કોંગ્રેસપક્ષ આ તમામ ધારાશાસ્ત્રીશ્રીઓનો આભાર માને છે.

**ઠરાવ નં.૩**

ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં ઓછો વરસાદ પડયો છે તેવા વિસ્તારોને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા. જે તાલુકાઓમાં અતિવૃષ્ટિ થઇ છે તેવા વિસ્તારોને અતિવૃષ્ટિગ્રસ્ત જાહેર કરવા તેમજ ખેડૂતોને પાક વિમો ઓછો મળે તે મુજબના ક્રોપ કટીંગના આંકડાઓ મેળવવાનું રાજય સરકારના અધિકારીઓનું વલણ રહયુ છે. આ સંજોગોમાં ખેડુતોને પૂરો વિમો મળે તે મુજબ દુષ્કાળ જાહેર કરી ક્રોપ કટીંગના આંકડાઓ મેળવવામાં આવે તેમજ ખેડૂતોને ખેતી માટે તાત્કાલિક પૂરતા વિજ કનેકશનો, વિજ લોડ વધારો, તથા ઓછામાં ઓછી સોળ કલાક વિજળી આપવામાં આવે તેવું આજની સભા ઠરાવે છે.

**ઠરાવ નં.૪**

નર્મદામાંથી પૂષ્કળ પ્રમાણમાં પાણી દરિયામા વહી જાય છે ત્યારે બીજી તરફ ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવામાં આવતું નથી. ગુજરાત સરકારે તાત્કાલિક નર્મદાની માઈનોર, સબ માઈનોર, તથા ફિલ્ડ ચેનાલનું કામ પૂર્ણ કરીને ખેડૂતોને પૂરતું પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ. ઓછા વરસાદના કારણે પીવાના પાણી તથા ઘાસચારાની અત્યંત મુશ્કેલી ઉભી થઇ રહી છે ત્યારે સરકારે આ દિશામાં તાત્કાલિક યોગ્ય પગલાં ભરે તેમ આજની સભા ઠરાવે છે.

**ઠરાવ નં.૫**

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા પરિસ્થિતી કથળેલી છે. રોજેરોજ ચોરી, લૂંટ, ખૂન, ધાડના બનાવો બને છે.જૈન સાધુ સાધ્વીઓના અકસ્માતોની સંખ્યા પણ વધી છે. છતાં સરકાર આ અંગે કશીજ ચિંતા કરતી નથી. ગુજરાતમાં પોલીસ કર્મચારીઓનું મહેકમ વસ્તી અને વિકાસના આધારીત જે વધારવું જોઈએ તે વધારવામાં

આવતું નથી. ફિક્સ પગારના કર્મચારીઓના શોષણના કારણે પોલીસ તંત્રના ઉત્સાહમાં ઓટ આવી છે. આ બાબત અંગે રાજય સરકાર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગણી વિધાનસભા કોંગ્રેસપક્ષ કરે છે.

**ઠરાવ નં.૬**

છઠ્ઠા પગાર પંચનો અમલ તથા યુ.જી.સી.ની ભલામણોનો અમલ ગુજરાત સરકારે સંપૂર્ણતઃ તાત્કાલિક કરવો જોઇએ.નગરપાલિકાઓના કર્મચારીઓને મળવાપાત્ર લાભોથી વંચિત રાખવામાં આવે છે. આંગણવાડી બહેનો, પ્રવાસી શિક્ષકો, ફિક્સ પગારના શિક્ષકો, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પ્રશ્નો અંગે સરકાર સહેજ પણ સકારાત્મક અભિગમ દેખાડતું નથી પરિણામે વહીવટી તંત્ર પર નકારાત્મક અસરો ઉભી થઇ છે. આ અંગે રાજય સરકાર તાત્કાલિક યોગ્ય પગલા ભરે તેવી વિધાનસભા કોંગ્રેસપક્ષની માંગણી છે.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી, સિધ્ધાર્થભાઇ પટેલ, શ્રી પૂર્વ વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી મોહનસિંહ રાઠવા, દંડકશ્રી, ઇકબાલભાઇ પટેલ, કોર કમિટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------------

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ